**મે. અંકલેશ્વરના એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં**

**<u>ફોજદારી કેસ નં. ૧૨૦૧/૨૦૨૬</u>**
**આંક :**

ફરીયાદી : શ્રી સરકાર

**વિરૂધ્ધ**

આરોપી : (૧) ઝફર મુસ્તફા મુલ્લા
ઉ.વ.૬૨ ધંધો–નિવૃત
રહે.મ.નં. બી–૫૭ બ્રિજનગર સ્ટેશન રોડ અંકલેશ્વર શહેર તા.અંકલેશ્વર જી.ભરૂચ

(૨) સાહિસ્તા w/o અરફાત ગુલામ અહેમદ શેખ
ઉ.વ.૨૯ ધંધો–ઘરકામ
રહે.મ.નં. ઈ/૯ અંકુર હાઉસ બ્રિજનગર સ્ટેશન રોડ અંકલેશ્વર શહેર તા.અંકલેશ્વર જી.ભરૂચ

(૩) અરફાત ગુલામ અહેમદ શેખ
ઉ.વ.૩૧ ધંધો–વેપાર
રહે.મ.નં. ઈ/૯ અંકુર હાઉસ બ્રિજનગર સ્ટેશન રોડ અંકલેશ્વર શહેર તા.અંકલેશ્વર જી.ભરૂચ

(૪) આદિલ ઝફર મુસ્તફા મુલ્લા
ઉ.વ.૩૪ ધંધો–મજુરી
રહે.મ.નં. બી–૫૭, બ્રિજનગર સ્ટેશન રોડ અંકલેશ્વર શહેર તા.અંકલેશ્વર જી.ભરૂચ

**<u>ગુનો:– ભારતીય ન્યાય સંહિતા(૨૦૨૩)ની કલમ–૭૮(૨), ૭૫(૨) ૩૫૧(૩), ૩૫૨, ૮૫, ૧૧૫(૨), ૩(૫) મુજબ</u>**

**–:(<u>કમિટલ હુકમ</u>):–**

આ કામે ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકતો એવી છે કે,

(૧) આ કામના આરોપી વિરૂધ્ધ અંકલેશ્વર શહેર એ. ડીવી.પોલીસ સ્ટેશન ગુ.ર.નંબર પાર્ટ એ–૧૧૧૯૯૦૦૪૨૫૧૦૬૬/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતા (૨૦૨૩) ની કલમ–૭૮(૨), ૭૫(૨) ૩૫૧(૩), ૩૫૨, ૮૫, ૧૧૫(૨), ૩(૫) મુજબનો ગુનો નોંધાયેલ તે અનુસંધાને અત્રેની અદાલતમાં ઉપરોકત નંબરથી ચાર્જશીટ કરવામા આવેલ છે.

(૨) આજરોજ સદરહું કેસના આરોપી હાજર થતાં,પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે પૂરી પાડયાની ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે ખાતરી કરેલ છે. આરોપીની પ્લી લેતા, તેમાં તેઓએ સ્વખર્ચે ખાનગી વકીલ રોકી પોતાનો બચાવ કરવા માંગતા હોવાનું જણાવેલ છે.

(૩) સદર ગુનાની ઈન્સાફી કાર્યવાહી નામદાર સેશન્સ અદાલતને ચલાવવા અંગે જોગવાઈ થયેલી છે તેબા સંજોગોમાં આ ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે અત્રેની અદાલતને સત્તા મળતી ન હોય આ કેસ નામ. સેસન્સ અદાલત, અંકલેશ્વર ને ટ્રાયલ માટે કમીટ કરવાનો થતો હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**–::(હુકમ)::–**

૧. આ કામના આરોપી વિરૂધ્ધ અંકલેશ્વર શહેર એ. ડીવી.પોલીસ સ્ટેશન ગુ.ર.નંબર પાર્ટ એ–૧૧૧૯૯૦૦૪૨૫૧૦૬૬/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતા (૨૦૨૩) ની કલમ–૭૮(૨), ૭૫(૨) ૩૫૧(૩), ૩૫૨, ૮૫, ૧૧૫(૨), ૩(૫) અન્વયે આ કેસ નામદાર એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રી અંકલેશ્વરની કોર્ટને કમીટ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૨. આ કેસનું સમગ્ર અસલ રેકર્ડ મુદ્દામાલ સહીત આંકવાર્યુ બનાવી નામદાર એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રી અંકલેશ્વરની કોર્ટને તાત્કાલીક મોકલી આપવું.

૩. આ હુકમની જાણ જીલ્લા સરકારી વકીલશ્રી, ભરૂચ નાઓને કરવાનો હુકમ કરવામાં આવે છે.

( વાય.એન.પટેલ )
એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અંકલેશ્વર

સ્થળ : અંકલેશ્વર
તા. ૧૫/૦૬/૨૦૨૬